
॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી સરસ્વતૈય નમઃ ॥

# Smt. Sulochanaben Indravadanbhai Joshi

## મા બાપને ભૂલશો નહિં


મહારાણા પ્રતાપ


છત્રપતિ શિવાજી


સ્વામી વિવેકાનંદ

ભૂલો ભલે બીજું બધું મા બાપને ભૂલશો નહિં,
અગણિત છે ઉપકાર એના, એહ કદી વિસરશો નહિં.
પથ્થર પૂજ્યા પૃથ્વી તણાં, ત્યારે દીઠું તમ મુખડું,
એ પુનિત જનનાં કાળજાં, પથ્થર બની છુંદશો નહિં,
કાઢી મુખેથી કોળીયો, મોમાં દઇ મોટા કર્યા,
અમૃત તણા દેનાર સામે, ઝેર ઉછાળશો નહિં,
લાખો લડાવ્યા લાડ તમને, કોડ સૌ પૂરા કર્યા,
એ કોડના પૂરનારના, કોડ પુરવા ભૂલશો નહિં,
લાખો કમાતા હો ભલે, મા-બાપ જેથી ના ઠર્યા,
એ લાખ નહીં પણ રાખ છે, એ માનવું ભૂલશો નહિં,
સંતાનથી સેવા ચાહો, સંતાન છો સેવા કરો,
જેવું કરો તેવું ભરો, એ ભાવના ભૂલશો નહિં,
ભીને સુઈ પોતે અને, સુકે સુવડાવ્યા આપને,
એ અમીમય આંખને, ભૂલીને ભીંજવશો નહિં,
પુષ્પો બિછાવ્યા પ્રેમથી, જેણે તમારા રાહ પર,
આ રાહબરના રાહ પર, કંટક કદી બનશો નહિં,
ધન ખરચતા મળશે બધું, માતા પિતા મળશે નહિં,
એ "પુનિત" ચરણો તણી, ચાહના ભૂલશો નહિં.

-સંત પુનિત મહારાજ


શ્રી શંકરાચાર્યજી


શ્રી વલભાચાર્યજી


શ્રીગુરુ ગોવિંદસિંહજી

**માતા પિતા લક્ષ્મી નારાયણ સ્વરૂપ છે તેમને વંદન કરો**

: સૌજન્ય :

**શ્રીમતી સુલોચનાબેન ઈન્દ્રવદનભાઈ જોષી**

ના જય શ્રી કૃષ્ણ